ઇતિહાસના તથ્યથી સાહિત્યના સત્ય સુધી ‘કરણઘેલો’

ડો. ઉર્વિકા એસ. પટેલ
મુલાકાતી વ્યાખ્યાતા
ગુજરાતી અનુસ્નાતક વિભાગ
એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારી.

સારાંશ

સાહિત્ય અને ઇતિહાસ માનવવિદ્યાની સ્વતંત્ર વિદ્યાશાખાઓ હોવા છતાં બંનેનું મૂળ-કેન્દ્ર માનવજીવન અને તેની સમય સાપેક્ષ ગતિ છે. ઇતિહાસ ભૂતકાળની ઘટનાઓનું પુરાવા, દસ્તાવેજ અને તર્કના આધારે પુનર્નિર્માણ કરે છે, જ્યારે સાહિત્ય માનવઅનુભવ, સંવેદના, કલ્પના અને સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા જીવનનું અર્થઘટન કરે છે. તેથી ઇતિહાસનું સત્ય મુખ્યત્વે દસ્તાવેજી અને તથ્યાત્મક હોય છે, જ્યારે સાહિત્યનું સત્ય અનુભવાત્મક અને કલાત્મક સ્વરૂપ ધરાવે છે. બંને વચ્ચેનો આ તફાવત જ તેમના આંતરવિદ્યાશાખાકીય સંબંધને વધુ અર્થપૂર્ણ બનાવે છે.

આ સંદર્ભમાં નંદશંકર તુળજાશંકર મહેતાની ‘કરણઘેલો’ ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક ચેતના અને સાહિત્યિક કલ્પનાના સંવાદનું મહત્વપૂર્ણ ઉદાહરણ છે. ઇ.સ. 1866માં પ્રકાશિત થયેલી આ કૃતિમાં વાઘેલા યુગનો અંતિમ તબક્કો, કર્ણદેવ વાઘેલા, માધવ, અલાઉદ્દીન ખિલજી, પાટણ અને ગુજરાતની રાજકીય-સામાજિક પરિસ્થિતિને કથાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું છે. કૃતિમાં ઐતિહાસિક તથ્યો સાથે લોકવિશ્વાસ, પુરાકથા, કલ્પિત પ્રસંગો, પ્રકૃતિ વર્ણન, સામાજિક રૂઢિઓ અને ધાર્મિક માન્યતાઓનું સંમિશ્રણ જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનપત્રમાં ‘સાહિત્ય’ અને ‘ઇતિહાસ’ની સંજ્ઞા અને અર્થ સ્પષ્ટ કર્યા બાદ બંને વચ્ચેના સંબંધનું આંતરવિદ્યાશાખાકીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ‘કરણઘેલો’ સંદર્ભે ઐતિહાસિક તથ્ય અને સાહિત્યિક કલ્પના વચ્ચેના સંબંધ, ઇતિહાસબોધ, યુગચેતના, સમાજ-સંસ્કૃતિનું નિરૂપણ અને પાત્રસર્જનનું તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે, ‘કરણઘેલો’ને માત્ર ઇતિહાસના પુનરાવર્તન તરીકે કે માત્ર કલ્પિત સાહિત્ય તરીકે જોવાને બદલે ઇતિહાસના તથ્યોને સર્જનાત્મક રીતે પુનઃઅર્થિત કરતી ઐતિહાસિક નવલકથા તરીકે સમજવી વધુ યોગ્ય છે.

સાહિત્ય અને ઇતિહાસનો સંબંધ માનવવિદ્યાના અભ્યાસમાં પ્રાચીન અને સતત પરિવર્તનશીલ છે. માનવજાત પોતાના ભૂતકાળને બે મુખ્ય રીતે યાદ કરે છે — એક તરફ દસ્તાવેજ, સ્મૃતિ, અભિલેખ, પુરાવા અને ઇતિહાસલેખન દ્વારા; બીજી તરફ કથા, કાવ્ય, લોકગાથા, નવલકથા અને અન્ય સાહિત્યિક સ્વરૂપો દ્વારા. પ્રથમ પ્રક્રિયા ભૂતકાળની ઘટનાઓને સમજવા અને ગોઠવવાનો પ્રયાસ કરે છે, જ્યારે બીજી પ્રક્રિયા તે ભૂતકાળને માનવીય અનુભવમાં રૂપાંતરિત કરે છે. એટલે અહીંથી જ એક મહત્વપૂર્ણ સંશોધનપ્રશ્ન ઊભો થાય છે : ઇતિહાસ અને સાહિત્ય બંને ભૂતકાળ સાથે સંબંધિત હોય ત્યારે તેમની વચ્ચેનો મૂળભૂત તફાવત શું છે અને ઐતિહાસિક

સાહિત્યમાં બંનેનું સંમિશ્રણ કઈ રીતે કાર્ય કરે છે? તેનો જવાબ મેળવવા માટે નંદશંકર તુળજાશંકર મહેતાની 'કરણઘેલો' વિશેષ મહત્ત્વ ધરાવે છે. 1866માં પ્રકાશિત થયેલી આ કૃતિને ગુજરાતી નવલકથાના આરંભ સાથે સંકળાયેલી મહત્ત્વપૂર્ણ કૃતિ તરીકે સ્વીકારવામાં આવે છે. 'ગુજરાત વિશ્વકોશ' તેને ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતી તથા સમકાલીન રંગોથી સમૃદ્ધ કૃતિ તરીકે ઓળખાવે છે. આ નવલકથા પર વૉલ્ટર સ્કૉટની ઐતિહાસિક નવલકથાકીય પરંપરાની અસર જોવા મળે છે.

'કરણઘેલો'માં મધ્યકાલીન ગુજરાતનો રાજકીય પતન, કર્ણદેવ વાઘેલાનું વ્યક્તિત્વ, માધવની પ્રતિક્રિયા, દિલ્હી સલ્તનતનું વિસ્તરણ, પાટણની પરિસ્થિતિ, યુદ્ધ, સ્થળ વર્ણન, સામાજિક રૂઢિઓ, ધાર્મિક માન્યતાઓ અને લોકવિશ્વાસનું નિરૂપણ સચોટ રીતે થયું છે. પરંતુ, આ કૃતિને માત્ર ઐતિહાસિક ઘટનાઓના પુનરાવર્તન તરીકે જોવાથી તેની સાહિત્યિક રચનાત્મકતા સ્પષ્ટ થતી નથી. તો તેને સંપૂર્ણ કલ્પિત નવલકથા ગણવાથી તેના ઐતિહાસિક આધાર અને સમયચેતનાનું મહત્ત્વ પણ ઘટે છે. એટલે જ આ સંશોધનનું કેન્દ્રબિંદુ 'ઇતિહાસ વિરુદ્ધ સાહિત્ય' નહિ પરંતુ 'ઇતિહાસ અને સાહિત્ય વચ્ચેનો સર્જનાત્મક સંવાદ' છે.

'કરણઘેલો' ઇતિહાસનું સીધું પુનર્કથન નથી; તે ઐતિહાસિક સામગ્રીનું સાહિત્યિક પુનઃસર્જન છે, જેમાં મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસ સાથે નંદશંકર મહેતાની ઓગણીસમી સદીની સામાજિક-સુધારાવાદી ચેતના સંવાદ રચે છે. ઐતિહાસિક નવલકથામાં તથ્ય અને કલ્પના વચ્ચેનો સંબંધ વિરોધનો નહિ પરંતુ સર્જનાત્મક પરસ્પર અવલંબનનો છે. 'કરણઘેલો'ને માત્ર 'પ્રથમ ગુજરાતી નવલકથા' કે 'ઐતિહાસિક નવલકથા' તરીકે નહિ, પરંતુ, ઇતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ અને યુગચેતના વચ્ચેના આંતરવિદ્યાશાખા સંવાદના દસ્તાવેજ તરીકે પણ જોવામાં આવે.

ઇતિહાસ : તથ્યથી અર્થ તરફ -

ઇતિહાસનો સામાન્ય અર્થ ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું જ્ઞાન એવો કરવામાં આવે છે. પરંતુ, આધુનિક ઇતિહાસવિચારમાં ઇતિહાસ માત્ર ઘટનાઓની યાદી નથી. ઇતિહાસકાર ઉપલબ્ધ સ્રોતોમાંથી સામગ્રી પસંદ કરે છે, તેની વિશ્વસનીયતા તપાસે છે, વિવિધ તથ્યો વચ્ચે સંબંધ સ્થાપે છે અને પછી અર્થઘટન કરે છે. ઇ. એચ. કાર માટે ઇતિહાસકાર અને તથ્ય વચ્ચેનો સંબંધ સક્રિય છે. તેઓ ઇતિહાસને માત્ર 'તથ્યોનો સંગ્રહ' માનતા નથી; ઇતિહાસકારની પસંદગી અને અર્થઘટનને પણ મહત્ત્વ આપે છે. Carrના 'What Is History?'ના આરંભિક ચર્ચામાં ઇતિહાસકારના તથ્યો સાથેના સંબંધને કેન્દ્રસ્થાન આપવામાં આવ્યું છે.

આ પ્રક્રિયામાં તથ્યનું મહત્ત્વ તો નથી ઘટતું; પણ તથ્ય પોતે સંપૂર્ણ ઇતિહાસ પણ ન બને.

સાહિત્ય : અનુભવથી સર્જન તરફ -

સાહિત્ય માનવજીવનના અનુભવને ભાષા અને કલ્પના દ્વારા કલાત્મક રૂપ આપે છે. તે ઘટનાઓની માત્ર નોંધ નથી રાખતું; ઘટના માનવી પર શું અસર કરે છે?, તેના અંતરમાં કયો સંઘર્ષ જન્મે છે?, સમાજમાં કઈ માનસિકતા કાર્યરત છે? અને જીવનને કયા મૂલ્યો દિશા આપે છે? — તેને પણ વ્યક્ત કરે છે.

સાહિત્ય માટે 'સત્ય' હંમેશાં દસ્તાવેજથી સાબિત થતું સત્ય નથી. નવલકથામાં કોઈ સંવાદ ઐતિહાસિક દસ્તાવેજમાં ન મળે, છતાં તે પાત્રના માનસિક અથવા સામાજિક સત્યને વ્યક્ત કરી શકે એવો સક્ષમ પણ હોઈ શકે છે. એટલે સાહિત્યની પ્રક્રિયા :

ઇતિહાસનું સ્વરૂપ –

ઇતિહાસનું મુખ્ય કેન્દ્ર ભૂતકાળની ઘટના અને પ્રક્રિયા છે. ઇતિહાસકાર ભૂતકાળમાં બનેલી રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ઘટનાઓનો અભ્યાસ કરીને તેમની પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓને સમજવાનો પ્રયત્ન કરે છે. આ માટે દસ્તાવેજો, અભિલેખો, સિક્કાઓ, પુરાતત્ત્વીય અવશેષો, સમકાલીન ગ્રંથો અને અન્ય વિશ્વસનીય સ્રોતોને આધાર બનાવવામાં આવે છે. તેથી ઇતિહાસનું જ્ઞાન માત્ર ઘટનાઓની યાદી નથી, પરંતુ ઉપલબ્ધ પુરાવાઓના આધારે ભૂતકાળનું પુનર્નિર્માણ અને અર્થઘટન છે.

ઇતિહાસની પદ્ધતિમાં સંશોધન, પ્રમાણ અને તુલનાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. કોઈ ઘટના કે વ્યક્તિ વિશે નિષ્કર્ષ આપતાં પહેલાં વિવિધ સ્રોતોની વિશ્વસનીયતા તપાસવામાં આવે છે અને પરસ્પર વિરોધી માહિતીને તુલનાત્મક રીતે ચકાસવામાં આવે છે. આ પ્રક્રિયાનો હેતુ શક્ય તેટલી પ્રમાણભૂત ઐતિહાસિક સમજ ઊભી કરવાનો છે. તેથી ઇતિહાસની ભાષા સામાન્ય રીતે વિશ્લેષણાત્મક અને તાર્કિક હોય છે અને તેનું પરિણામ ભૂતકાળની ઘટના, સમય અને પ્રક્રિયાની ઐતિહાસિક સમજના રૂપમાં પ્રાપ્ત થાય છે.

ઇતિહાસમાં 'સત્ય' મુખ્યત્વે તથ્યાત્મક અથવા દસ્તાવેજી સત્ય સાથે સંકળાયેલું છે. તેનો સમય વાસ્તવિક ઐતિહાસિક સમય હોય છે અને તેમાં રજૂ થતી વ્યક્તિઓ સામાન્ય રીતે ઐતિહાસિક પુરાવાઓથી ઓળખી શકાય તેવી હોય છે. આથી ઇતિહાસકારનું કાર્ય કલ્પનાત્મક સર્જન કરતાં ઉપલબ્ધ તથ્યોના આધારે ભૂતકાળનું પુનઃસંયોજન કરવાનું છે.

સાહિત્યનું સ્વરૂપ –

સાહિત્યનું મુખ્ય કેન્દ્ર માનવ અનુભવ અને જીવન છે. માનવીના સુખ-દુઃખ, સંઘર્ષ, સંબંધો, લાગણીઓ, આશા-નિરાશા, સામાજિક પરિસ્થિતિ અને જીવનદર્શનને ભાષા તથા કલ્પનાના માધ્યમથી સર્જનાત્મક અભિવ્યક્તિ આપવામાં આવે છે. સાહિત્ય માટે અનુભવ, કલ્પના અને ભાષા મુખ્ય આધાર છે. તેથી સાહિત્ય માત્ર જે બન્યું તેનું વર્ણન કરતું નથી, પરંતુ જે બન્યું છે અથવા બની શકે છે તેના માનવીય અર્થને પણ સર્જનાત્મક રીતે અભિવ્યક્ત કરે છે.

સાહિત્યનો મુખ્ય હેતુ જીવનનું સર્જનાત્મક અર્થઘટન કરવાનો છે. સાહિત્યિક કૃતિમાં સમય ઐતિહાસિક પણ હોઈ શકે અને કલ્પિત પણ; પાત્ર વાસ્તવિક કે ઐતિહાસિક વ્યક્તિ પર આધારિત હોઈ શકે અથવા સર્જક દ્વારા સંપૂર્ણપણે રચાયેલું હોઈ શકે. સર્જક કોઈ ઐતિહાસિક પાત્રને પોતાની કલ્પના, સંવેદના અને કથનદૃષ્ટિથી પુનઃસર્જિત પણ કરી શકે છે. તેથી સાહિત્યમાં ‘સત્ય’ માત્ર દસ્તાવેજથી સાબિત થતું સત્ય નથી, પરંતુ અનુભવાત્મક અને કલાત્મક સત્ય પણ હોઈ શકે છે.

સાહિત્યની ભાષા કલાત્મક અને સંવેદનાત્મક હોય છે. પ્રતીક, રૂપક, કલ્પના, સંવાદ, વર્ણન, કથન અને પાત્રાલેખન દ્વારા સર્જક માનવજીવનના આંતરિક અને બાહ્ય બંને પરિમાણોને વ્યક્ત કરે છે. સાહિત્યની પદ્ધતિમાં સર્જન, કલ્પના અને કથન મુખ્ય છે. તેનું પરિણામ માત્ર માહિતી કે ઐતિહાસિક જ્ઞાન પૂરતું મર્યાદિત રહેતું નથી; તે વાચકને માનવીય અનુભવ અને કલાત્મક સંવેદનાની ઊંડી સમજ આપે છે.

ઇતિહાસ અને સાહિત્યનો આંતરસંબંધ -

ઇતિહાસ અને સાહિત્યનો અભિગમ ભિન્ન હોવા છતાં બંને વચ્ચે ગાઢ આંતરસંબંધ છે. ઇતિહાસ જ્યાં ભૂતકાળની ઘટના અને પ્રક્રિયાને પુરાવા તથા દસ્તાવેજોના આધારે સમજવાનો પ્રયત્ન કરે છે, ત્યાં સાહિત્ય એ જ ભૂતકાળને માનવીય અનુભવ, કલ્પના અને સંવેદનાના માધ્યમથી પુનઃસર્જિત કરી શકે છે. આથી એક જ ઐતિહાસિક ઘટના ઇતિહાસમાં દસ્તાવેજી સ્વરૂપે અને સાહિત્યમાં કલાત્મક સ્વરૂપે પ્રગટ થઈ શકે છે.

આ તફાવતને ‘કરણઘેલો’ જેવી ઐતિહાસિક નવલકથાના સંદર્ભમાં વિશેષ રીતે સમજી શકાય છે. કર્ણદેવ વાઘેલા, પાટણ, દિલ્હી સલ્તનત, ગુજરાત પરની ચડાઈ અને વાઘેલા સત્તાના અંત જેવી ઐતિહાસિક બાબતો નવલકથાને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપે છે; પરંતુ સર્જક તેમાં કલ્પિત પ્રસંગો, પાત્રોની પુનઃરચના, લોકમાન્યતાઓ, અંધશ્રદ્ધા, પ્રકૃતિનું વર્ણન અને માનવીય

સંબંધો ઉમેરે છે. પરિણામે ઇતિહાસમાંથી પ્રાપ્ત ઘટના સાહિત્યમાં માત્ર ‘ઘટના’ રહેતી નથી, પરંતુ માનવજીવનના અનુભવ અને કલાત્મક અર્થનું સ્વરૂપ ધારણ કરે છે.

આથી ઇતિહાસ અને સાહિત્ય વચ્ચેના મૂળભૂત ભેદ અંગે કહી શકાય કે, ઇતિહાસ પુરાવાના આધારે ભૂતકાળને સમજાવે છે, જ્યારે સાહિત્ય કલ્પના અને સંવેદનાના આધારે જીવનને સમજાવે છે; છતાં બંનેની અંતિમ દિશા માનવ અને સમાજને વધુ ઊંડાણથી સમજવા તરફ દોરી જાય છે. આમ, ઇતિહાસ ભૂતકાળમાં શું અને શા માટે બન્યું તે શોધે છે; સાહિત્ય તે બનવાની માનવીય અનુભૂતિને સર્જનાત્મક અર્થ આપે છે.

સાહિત્ય અને ઇતિહાસના સંબંધમાં સૌથી જટિલ પ્રશ્ન ‘સત્ય’નો છે. ઇતિહાસકાર માટે તથ્યનું પ્રમાણ મહત્ત્વનું છે. સાહિત્યકાર માટે તથ્ય સર્જનનું એક સાધન બની શકે છે. ઉદાહરણ તરીકે, જો ઇતિહાસમાં કોઈ રાજા યુદ્ધમાં પરાજિત થાય તો ઇતિહાસકાર તેના કારણો, તારીખ, સ્થળ, સૈન્ય અને પરિણામની તપાસ કરશે. પરંતુ નવલકથાકાર એ જ પરાજયના ક્ષણે રાજાના મનમાં ચાલતી ગૂંચવણ, પ્રજાની ભીતિ, પરિવારની ચિંતા અથવા સૈનિકની નિરાશાને કલ્પનાથી રજૂ કરી શકે છે. અહીં નવલકથાકાર ‘અસત્ય’ રજૂ કરે છે એવું નથી; તે ઐતિહાસિક ઘટનાની માનવીય સંભાવનાનું કલાત્મક નિર્માણ કરે છે. હેડન વ્હાઇટ ઐતિહાસિક પ્રતિનિધિત્વમાં narrative formના મહત્ત્વ તરફ પણ ધ્યાન દોરે છે. તેમના મત મુજબ ઐતિહાસિક સામગ્રીને અર્થપૂર્ણ બનાવવામાં કથનાત્મક સ્વરૂપની ભૂમિકા રહેલી છે. અહીં પ્રશ્ન ‘સાહિત્ય સત્ય કે અસત્ય?’ એવો રહેતો નથી; પ્રશ્ન એ છે કે સર્જકે ઉપલબ્ધ ઇતિહાસનું કયા અર્થમાં પુનઃસર્જન કર્યું છે?

ઐતિહાસિક નવલકથા ઇતિહાસ અને સાહિત્ય વચ્ચેનું સૌથી જીવંત સ્વરૂપ છે એમ કહી શકાય. અહીં લેખકને બે પ્રકારની જવાબદારીનો સામનો કરવો પડે છે. એક તરફ સમય, સ્થળ, ઐતિહાસિક પાત્રો અને મુખ્ય ઘટનાઓના સંદર્ભમાં વિશ્વસનીયતા જાળવવી પડે છે; તો બીજી તરફ એ કૃતિને કથાત્મક ગતિ, પાત્રનિર્માણ, સંવાદ, સંઘર્ષને કલાત્મક રીતે રજૂ કરવાનો છે. ઐતિહાસિક નવલકથામાં ત્રણ સ્તરો - વાસ્તવિક સમય, સ્થળ અને ઘટનાઓ; સર્જક દ્વારા ઉમેરાયેલા પ્રસંગો અને ભૂતકાળમાંથી સર્જક પોતાના સમય માટે જે અર્થ અભિવ્યક્ત કરે એ છે.

નંદશંકર મહેતાની ‘કરણઘેલો’નું કેન્દ્ર ગુજરાતના વાઘેલા શાસક કર્ણદેવનું પાત્ર અને તેના સમયનું રાજકીય પરિવર્તન છે. કૃતિ 1866માં પ્રકાશિત થઈ હતી અને ગુજરાતી નવલકથાના પ્રારંભિક ઇતિહાસમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. નવલકથાની શરૂઆત પાટણના રાજકીય અને સામાજિક વાતાવરણથી થાય છે. પાટણ માત્ર રાજકીય રાજધાની તરીકે નહિ, પરંતુ વેપાર, વસ્તી,

ધાર્મિક પ્રવૃત્તિ, સ્થાપત્ય અને સામાજિક જીવન ધરાવતા નગર તરીકે રજૂ થયું છે. આ રીતે લેખક ભૂતકાળને માત્ર રાજાઓની કથા તરીકે રજૂ નથી કરતાં પણ તેઓ નગરજીવનનો પણ ઐતિહાસિક સંદર્ભ એમાં આપે છે.

કર્ણદેવ, માધવ, રૂપસુંદરી અને અન્ય પાત્રો દ્વારા રાજસત્તા, વ્યક્તિગત વાસના, વેર, કુટુંબ, સત્તા અને રાજકીય પરિણામો એકબીજા સાથે સઘન રીતે જોડાય છે. માધવનું દિલ્હી તરફ જવું અને અલાઉદ્દીન સાથેનો સંબંધ કથાને ગુજરાતની સ્થાનિક રાજનીતિમાંથી વિશાળ ઉત્તર ભારતીય સત્તાસંઘર્ષ તરફ લઈ જાય છે.

ઐતિહાસિક કર્ણદેવ એક શાસક છે; નવલકથાનો કરણ એક કથાનાયક-વિનાયક છે. આ બંને વચ્ચેનો તફાવત અત્યંત મહત્વપૂર્ણ છે. ઇતિહાસમાં કર્ણદેવ વાઘેલા વંશના અંતિમ શાસક તરીકે આવે છે. પરંતુ, નવલકથામાં 'કરણ ઘેલો' નામ જ તેના પાત્રનું અર્થઘટન કરે છે. અહીં રાજાની રાજકીય ભૂલ અને વ્યક્તિગત દુર્બળતા વચ્ચેનો સંબંધ સૂક્ષ્મ રીતે રજૂ થયો છે. રાજાની એક વ્યક્તિગત ક્રિયા સમગ્ર રાજ્યના પતન સાથે સાંકળાય છે જે ઇતિહાસને કથાત્મક માળખું આપે છે. અહીં નવલકથાકારનો પ્રશ્ન માત્ર 'રાજ્ય કેમ હાર્યું?' એવો નથી; પરંતુ 'રાજસત્તાના પતન પાછળ માનવીય દુર્બળતાઓ કેવી રીતે કાર્ય કરે છે?' એ છે. આ રીતે કર્ણદેવનું પાત્ર ઇતિહાસમાંથી સાહિત્યમાં પ્રવેશતા વ્યક્તિથી પ્રતીક બને છે — રાજકીય અવનતિ, નૈતિક અસંતુલન અને ઐતિહાસિક પરિવર્તનનું (પ્રતીક).

માધવનું પાત્ર ઐતિહાસિક તથા કથાત્મક એમ બંને સ્તરે મહત્વપૂર્ણ છે. રાજા સાથેનો તેનો સંબંધ, કુટુંબની ઘટના, વેરની ભાવના અને દિલ્હી તરફની તેની યાત્રા નવલકથાના મુખ્ય વળાંક છે જે વ્યક્તિગત ઘટના ક્યારે ઇતિહાસનું કારણ બને છે? એ ઉપરથી સ્પષ્ટ થાય.

ઇતિહાસકાર રાજકીય, આર્થિક અને સૈન્ય કારણોની તપાસ કરશે; નવલકથાકાર વ્યક્તિગત વેરને કથાના કેન્દ્રમાં રજૂ કરે છે. પરિણામે વિશાળ રાજકીય ઘટના માનવીય સંબંધના સ્તરે સ્પષ્ટ થાય છે.

'કરણઘેલો'નું એક મહત્વનું લક્ષણ તેમાં આવતા સ્થળોનું સૂક્ષ્મ વર્ણન છે. પાટણ, પાટણના રાજમાર્ગો, રાજમહેલો, ધાર્મિક સ્થળો, સ્થાપત્ય, રુદ્રમાળ વગેરેનું વર્ણન કરીને લેખક ઐતિહાસિક સમયને તાદૃશ કરે છે. ઇતિહાસના દસ્તાવેજમાં 'પાટણ હતું' એવું તથ્ય મળે; પરંતુ નવલકથામાં વાચકને 'પાટણમાં જીવવાનો અનુભવ' સઘન રીતે કરાવવાનો પ્રયાસ કરે છે. એટલે

જ ઇતિહાસ એ સ્થળની માહિતી આપે, પરંતુ સાહિત્ય એ સ્થળનો અનુભવ કરાવે; જે ‘કરણઘેલો’ના વર્ણનાત્મક ગદ્યમાં સ્પષ્ટ થાય છે.

નવલકથામાં ભૂત-પ્રેત, શુકન - અપશુકન, વંતરી, જાદુ - ટોણા, ધાર્મિક માન્યતાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ તત્ત્વો દસ્તાવેજી ઇતિહાસના તથ્ય તરીકે સ્વીકારવા યોગ્ય નથી.

આ નવલકથામાં હિન્દુ અને મુસ્લિમ ધાર્મિક જીવન, ધર્મ પરિવર્તન, ધાર્મિક સંસ્થાઓ, ધર્મગુરુઓ અને સામાજિક માન્યતાઓના સંકેતો મળે છે. તે સમય વિશે સર્જકની કલ્પના, ઉપલબ્ધ સામગ્રી અને પોતાના સમયની સામાજિક ચિંતાઓ તરીકે વિશેષ ધ્યાન ખેંચે છે. સર્જક નવલકથાની વસ્તુ મધ્યકાલીન ભૂતકાળને ઓગણીસમી સદીના સુધારાવાદી પ્રશ્નો સાથે જોડે છે. બાળલગ્ન, રૂઢિ, સતીપ્રથા, અંધશ્રદ્ધા અને સ્ત્રીની દયનીય સ્થિતિ જેવા મુદ્દાઓ માત્ર મધ્યકાલીન જીવનના વર્ણન નથી બની રહેતા પણ સમકાલીન સમાજ માટે પણ એટલા જ અર્થસભર બને છે.

રૂપસુંદરી, ગુણસુંદરી, કૌળાદેવી અને દેવળદેવી જેવા સ્ત્રીપાત્રો દ્વારા કૃતિમાં સ્ત્રીજીવનના વિવિધ પરિમાણો રજૂ થયા છે. રૂપસુંદરીની ઘટના રાજસત્તા અને સ્ત્રીના શરીર વચ્ચેના સત્તાસંબંધ તરફ સંકેત કરે છે. કૌળાદેવીનું પાત્ર રાજકીય પરાજયમાં સ્ત્રીની દયનીય સ્થિતિને રજૂ કરે છે. દેવળદેવીના પ્રસંગોમાં બાળવય, લગ્ન અને રાજકીય ગઠબંધન જેવા પ્રશ્નો એકબીજા સાથે સૂક્ષ્મ રીતે જોડાઈ નવલકથાને વિશિષ્ટ ઘાટ અર્પે છે.

ઇતિહાસનો સમય તારીખો, રાજવંશો અને ઘટનાઓ દ્વારા નિર્ધારિત થાય છે. નવલકથાનો સમય અનુભવ દ્વારા ગાઢ બને છે. ઉદાહરણ તરીકે, યુદ્ધ પહેલાંનો એક દિવસ ઇતિહાસમાં એક તારીખ હોઈ શકે છે; નવલકથામાં તે દિવસ ભય, રાહ, તૈયારી, અફવા અને આશંકાથી ભરેલો હોઈ શકે છે.

‘કરણઘેલો’માં મધ્યકાલીન સમયનું પુનઃસર્જન કરતી વખતે લેખક પોતાના સમકાલીન સમયની દૃષ્ટિ પણ સાથે રજૂ કરે છે. એટલે કૃતિમાં બે સમય સક્રિય રીતે આલેખાયા છે - કથાનો સમય - મધ્યકાલીન ગુજરાત અને સર્જનનો સમય - ઓગણીસમી સદીનું ગુજરાત. આ બંને સમય વચ્ચેનો સંવાદ જ કૃતિના ઇતિહાસબોધને ઊંડો બનાવે છે.

ઇતિહાસલેખનની ભાષા સામાન્ય રીતે માહિતી અને વિશ્લેષણને પ્રાધાન્ય આપે છે. ‘કરણઘેલો’ની ભાષા કથાત્મક, વર્ણનાત્મક અને અનેક સ્થળે ભવ્ય છે. ફારસી શબ્દાવલિ, રાજકીય શબ્દો, સ્થળ વર્ણન અને પ્રકૃતિચિત્રો દ્વારા તે સમયનું વાતાવરણ તાદૃશ થાય છે.

નવલકથાની ઘટના, વસ્તુસંકલના, વર્ણન અને પાત્રનિરૂપણમાં પશ્ચિમી નવલકથા પરંપરાની અસર વરતાય છે. ભાષા માત્ર માધ્યમ નથી; તે ઐતિહાસિક વાતાવરણનું નિર્માણ કરતું સાધન પણ છે.

કૃતિના અંતે કર્ણદેવનું પતન માત્ર રાજકીય ઘટના નથી રહેતી. રાજસત્તા, પરિવાર, વ્યક્તિગત અપરાધ, વેર, પરાજય અને એકલતા — આ બધા તત્વો ભેગા થઈને કર્ણદેવના પાત્રને કરુણ પરિમાણ અર્પે છે. રઘુવીર ચૌધરીએ કર્ણદેવના અંતિમ આલેખનમાં રહેલી અસંગતિઓ છતાં પાત્ર દ્વારા ઊભી થતી સ્મૃતિ અને કરુણ અસર તરફ ધ્યાન દોર્યું છે. (પૃ. 45) આ અભિપ્રાયને આધારે કહી શકાય કે, નવલકથાનો અંત માત્ર 'રાજાનો અંત' નથી; તે એક ઐતિહાસિક યુગના વિલયની ભાવનાત્મક રચના બની રહે છે જે કરુણાંતિકા કરતાં કરુણાભાસ ઊભો કરતી ઐતિહાસિક નવલકથા તરીકે સમજવી વધુ યોગ્ય છે. આમ, ઐતિહાસિક નવલકથા ઇતિહાસને નકારે છે એમ નહિ પરંતુ તેને અલગ જ જ્ઞાનપ્રકારમાં રૂપાંતરિત કરે છે એવું કહી શકાય.

નંદશંકર મહેતાની કૃતિને તેના રચનાકાળથી અલગ કરીને સમજવી યોગ્ય નથી. ઓગણીસમી સદીનું ગુજરાત સામાજિક સુધારણા, પશ્ચિમી શિક્ષણ, નવી ગદ્ય પરંપરા અને વિચારપ્રવાહના સંપર્કમાં આવ્યું હતું. આ પરિસ્થિતિ 'કરણઘેલો'ના ભૂતકાળના નિરૂપણમાં પ્રવેશે છે એટલે મધ્યકાલીન સમાજની અંધશ્રદ્ધા દર્શાવતી વખતે માત્ર ભૂતકાળનું ચિત્ર નથી ઊભું થતું; વર્તમાન સમાજને સુધારવાનો સંકેત પણ છે અને એ જ ઇતિહાસબોધનું સર્જનાત્મક સ્વરૂપ છે.

'કરણઘેલો'માં વ્યક્તિગત નૈતિકતા અને રાજકીય પરિણામ વચ્ચે નજીકનો સંબંધ રચાય છે. કરણની વ્યક્તિગત દુર્બળતા રાજ્યના વિનાશની શરૂઆત સાથે જોડાય છે. આ પ્રકારનું કારણ-પરિણામ માળખું સાહિત્યિક રીતે અસરકારક છે, પરંતુ તેને સંપૂર્ણ ઐતિહાસિક કારણ તરીકે સ્વીકારવું યોગ્ય નથી. ઇતિહાસમાં રાજ્યના પતન પાછળ રાજકીય, સૈન્ય, આર્થિક અને ભૌગોલિક પરિબળો ભાગ ભજવે છે. નવલકથા આ જટિલતાને વ્યક્તિગત નૈતિક કથામાં કેન્દ્રિત કરે છે. એટલે સાહિત્ય અને ઇતિહાસના અભ્યાસ માટે એક મહત્વપૂર્ણ શાસ્ત્રીય સિદ્ધાંત મળે છે એમ કહી શકાય. સાહિત્યિક કારણને ઐતિહાસિક કારણ તરીકે નહિ, પરંતુ સર્જકના અર્થઘટન તરીકે પણ જોવું જોઈએ. ઇતિહાસમાં વ્યક્તિનું જીવન ઉપલબ્ધ દસ્તાવેજોથી મર્યાદિત હોય છે. નવલકથાકાર તે મર્યાદાની બહાર જઈને પાત્રના સંવાદ, ભાવના, મનોદશા અને આંતરિક સંઘર્ષની રચના કરી શકે છે. 'કરણઘેલો'માં આ પ્રક્રિયા ખાસ કરીને કર્ણદેવ અને માધવના પાત્રોમાં જોવા મળે છે.

ઐતિહાસિક વ્યક્તિનું નામ તો જળવાય છે, પરંતુ તેનું સાહિત્યિક વ્યક્તિત્વ સર્જાય છે. અહીં પાત્રનું મૂલ્યાંકન માત્ર 'આ વ્યક્તિ ઇતિહાસમાં આવી હતી કે નહિ?' એવા પ્રશ્નથી નહિ, પરંતુ, 'આ પાત્ર દ્વારા લેખક કયો ઐતિહાસિક અથવા માનવીય અર્થ વ્યક્ત કરે છે?' એ રીતે થવું જોઈએ. ઘટનાઓને કથામાં ગોઠવવાની રીત, દૃષ્ટિકોણ, વર્ણન અને નૈતિક અર્થઘટનનું વિશ્લેષણ પણ એટલું જ મહત્ત્વનું છે.

ઉપરોક્ત અભ્યાસના આધારે નીચે મુજબના તારણો પ્રાપ્ત થાય છે -

1. ઇતિહાસ અને સાહિત્યનો તફાવત આધાર અને પદ્ધતિમાં છે, માનવકેન્દ્રિતતામાં નહિ.
2. ઇતિહાસ તથ્યને પ્રમાણિત કરે છે; સાહિત્ય તથ્યને માનવીય અનુભવમાં રૂપાંતરિત કરે છે.
3. 'કરણ ઘેલો'માં ઐતિહાસિક સામગ્રી અને કલ્પિત કથન એકબીજાના વિરોધી નહિ પરંતુ પરસ્પર પૂરક છે.
4. કર્ણદેવનું ઐતિહાસિક વ્યક્તિત્વ નવલકથામાં નૈતિક અને કરુણ પાત્રમાં પરિવર્તિત થાય છે.
5. માધવનું પાત્ર વ્યક્તિગત વેર અને રાજકીય ઇતિહાસ વચ્ચેનો કથાત્મક સેતુ બને છે.
6. પાટણ અને અન્ય સ્થળોના વર્ણનો દ્વારા નવલકથા દસ્તાવેજી ઇતિહાસ કરતાં વધુ અનુભૂતિમય સાંસ્કૃતિક ભૂતકાળ રચે છે.
7. ભૂત-પ્રેત, શુકન-અપશુકન અને લોકવિશ્વાસ જેવા તત્ત્વોને ઐતિહાસિક તથ્ય નહિ પરંતુ લોકમાનસ તરીકે રજૂ થયું છે.
8. કૃતિમાં મધ્યકાલીન સમાજનું નિરૂપણ કરતાં ઓગણીસમી સદીની સુધારાવાદી ચેતના સૂક્ષ્મ રીતે રજૂ થઈ છે.
9. ઐતિહાસિક સમય અને સર્જન સમય વચ્ચેનો સંવાદ 'કરણ ઘેલો'ના ઇતિહાસબોધનું કેન્દ્ર છે.
10. ઐતિહાસિક નવલકથાનું મૂલ્યાંકન 'કેટલું સત્ય?' કરતાં 'ઇતિહાસનું કયા અર્થમાં પુનઃસર્જન થયું?' એ પ્રશ્નથી વધુ સઘન બને છે.
11. કૃતિમાં ભાષા માત્ર માહિતી આપતી નથી; તે ઐતિહાસિક વાતાવરણનું કલાત્મક નિર્માણ કરે છે.
12. 'કરણ ઘેલો'ને ગુજરાતી ઐતિહાસિક નવલકથાના વિકાસમાં એક સંધિસ્થળ તરીકે જોવું જોઈએ — જ્યાં પરંપરાગત આખ્યાન, ઐતિહાસિક સ્મૃતિ અને નવલકથાકીય ગદ્ય એકબીજા સાથે ભળે છે.

ઇતિહાસ પણ અર્થઘટન વિના રચાતો નથી. ઇતિહાસકારને ઉપલબ્ધ સામગ્રીમાંથી પસંદગી કરવી પડે છે, ઘટનાઓ વચ્ચે સંબંધ સ્થાપવો પડે છે અને કથન રચવું પડે છે. કારની ઇતિહાસવિષયક ચર્ચા આ અર્થઘટનાત્મક પ્રક્રિયાને મહત્ત્વ આપે છે. તે જ રીતે સાહિત્યમાં કલ્પના હોવા છતાં તે સંપૂર્ણ વાસ્તવિકતાવિહોણું નથી. 'કરણ ઘેલો'માં કલ્પિત અથવા અતિશયોક્તિપૂર્ણ તત્ત્વો હોવા છતાં તે એક ચોક્કસ ઐતિહાસિક સમય, સંસ્કૃતિ અને સામાજિક માનસને પ્રતિબિંબિત કરે છે. આથી બંનેને જોડતો મૂળભૂત શબ્દ છે — અર્થઘટન. હવે આ બાબત આ રીતે સપષ્ટ કરી શકાય - ઇતિહાસકાર માટે : 'આ ઘટના ઉપલબ્ધ પુરાવાથી કેવી રીતે સમજાય?' તો સાહિત્યકાર માટે : 'આ ઘટનાનો માનવીય અર્થ શું છે?' આ બંને પ્રશ્નોથી આગળ જઈ આંતરવિદ્યાશાખાના અભ્યાસી માટે : 'ઐતિહાસિક ઘટના જ્યારે સાહિત્યિક કથામાં રૂપાંતરિત થાય છે ત્યારે તેના અર્થમાં શું પરિવર્તન આવે છે?' એ'કરણઘેલો' આ ત્રીજો પ્રશ્ન એ અભ્યાસ કરવા માટેનું ઉત્તમ ઉદાહરણ છે.

સાહિત્ય અને ઇતિહાસ બંને માનવવિદ્યાના એવા ક્ષેત્રો છે, જેમાં ભૂતકાળ, માનવજીવન અને સમય કેન્દ્રસ્થાને છે. છતાં તેમની જ્ઞાનપ્રાપ્તિની રીત જુદી છે. ઇતિહાસ પુરાવા અને સ્રોતોના આધારે ભૂતકાળનું પુનર્નિર્માણ કરે છે; સાહિત્ય અનુભવ, કલ્પના અને ભાષા દ્વારા જીવનનું સર્જનાત્મક અર્થઘટન કરે છે. આ તફાવતને આધારે બંનેને સંપૂર્ણપણે અલગ કરી દેવા કરતાં તેમના સંવાદક્ષેત્રો ઓળખવા વધુ યોગ્ય છે. ઐતિહાસિક નવલકથા આ સંવાદનું સૌથી સક્રિય ક્ષેત્ર છે. 'કરણ ઘેલો'ના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે, નંદશંકર મહેતા ઐતિહાસિક સામગ્રીને યથાવત્ પુનરાવર્તિત કરતા નથી. તેઓ તેને કથામાં ગોઠવે છે, પાત્રોને નૈતિક અર્થ આપે છે, સ્થળોને અનુભૂતિમાં પરિવર્તિત કરે છે, લોકવિશ્વાસને સાંસ્કૃતિક સંકેતમાં રૂપાંતરિત કરે છે અને મધ્યકાલીન ભૂતકાળમાં પોતાના સમયની સુધારાવાદી ચેતનાનો પ્રવેશ પણ કરાવે છે. એટલે કહી શકાય કે, ઇતિહાસ કૃતિને કાચો સમય અને તથ્ય આપે છે; સાહિત્ય તેને માનવીય અનુભવ અને કલ્પનાનું સ્વરૂપ આપે છે; અને આંતરવિદ્યાશાખા અભ્યાસ બંને પ્રક્રિયાઓ વચ્ચેનો અર્થસભર સંવાદ રચી આપે છે. આ દૃષ્ટિએ 'કરણઘેલો' માત્ર ગુજરાતના એક રાજાના પતનની વાર્તા નથી. તે એક યુગના વિલય, સત્તાના પરિવર્તન, માનવીય દુર્બળતા, સામાજિક માન્યતા, સાંસ્કૃતિક સ્મૃતિ અને સર્જકની ભૂતકાળ તરફની દૃષ્ટિ — આ બધાનું સંયુક્ત સાહિત્યિક પુનઃસર્જન છે.

અંતે કહી શકાય કે, ઇતિહાસ અને સાહિત્ય વચ્ચેની સીમા દીવાલ જેવી નથી; તે સંવાદક્ષેત્ર જેવી છે. આ સીમા પર તથ્ય કલ્પનાને મળે છે, દસ્તાવેજ અનુભવને મળે છે, ભૂતકાળ વર્તમાન સાથે વાત કરે છે અને ઇતિહાસ માનવીય સ્મૃતિમાં સાહિત્ય બનીને ફરી જન્મે છે.

સંદર્ભ સૂચિ

૧. સાહિત્ય

1. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર, ગૂર્જર પ્રકાશન
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ડૉ. રમેશ એમ. ત્રિવેદી, આદર્શ પ્રકાશન, આવૃત્તિ – બારમી – 2016
3. ઇતિહાસ : સ્વરૂપ અને પદ્ધતિ, રસિકલાલ છોટાલાલ પરીખ, ગુજરાત યુનિવર્સિટી, આવૃત્તિ: પ્રથમ-1969
4. - અને સાહિત્ય, સંપા: યશવંત ત્રિવેદી, પ્રકાશન- સાહિત્ય ભારતી પ્રકાશન, આવૃત્તિ: પ્રથમ– 1975
5. કરણ ઘેલો, નંદશંકર તુળજાશંકર મહેતા, પ્રકાશન- ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, આવૃત્તિ: 2011
6. કળાકારનો ઇતિહાસબોધ, ભરત મહેતા, પ્રકાશન- પાર્શ્વ પબ્લિકેશન, આવૃત્તિ: પ્રથમ-2008
7. ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન, અનંતરાય રાવળ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, આવૃત્તિ – 2014
8. ગુર્જરી કંઠાભરણ (નર્મદ યુગ), પ્રો. ડૉ. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ, ગુજરાત સાહિત્ય અકાદમી, આવૃત્તિ: પ્રથમ-1989

9.નંદશંકરથી ઉમાશંકર ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય, ડૉ. ધીરન્દ્ર મહેતા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, આવૃત્તિ : બીજી-2010.

૨. ઇતિહાસ

1. ગુજરાત, પ્રકાશન- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, આવૃત્તિ: તૃતીય- 2006
2. ગુજરાતનો ઇતિહાસ પ્રાચીન કાલ, ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રકાશન- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, આવૃત્તિ: બીજી- 2012
3. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઈ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮), સ્વ.નવીનચંદ્ર આનંદલાલ આચાર્ય, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, આવૃત્તિ: તૃતિય-2015

4. અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ડૉ. રાજપ્રસાદ રાજગોર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, આવૃત્તિ : ચોથી-2014

3. કોશ:

1. ભગવદગોમંડલ
2. ગુજરાતી સાહિત્યકોશ, ખંડ – ત્રણ, સાહિત્ય પ્રકીર્ણ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આવૃત્તિ પ્રથમ – 1996
3. સાર્થ જોડણીકોશ
4. Encyclopedia of Britannica